વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર
સંચાલિત
શ્રી મિતેન - વિજય મહેતા સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સીસ

# ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં ધો–૧૧ વિજ્ઞાન પ્રવાહમાં JEE/NEET ના ફાઉન્ડેશન વર્ગો તથા ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ફાઉન્ડેશન વર્ગોમાં પ્રવેશ અંગે સૂચનાઓ.

- પ્રવેશ ફોર્મ વિદ્યામંદિરની વેબસાઈટ www.vidyamandir.org પરથી તા. ૨૦-૩-૨૦૧૮ થી તા. ૩૦-૩-૨૦૧૮ દરમિયાન ઓનલાઈન ભરી શકાશે. ફોર્મ ઓનલાઈન ભરી ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી પ્રવેશ ફી રૂા. ૨૦૦ સાથે મધ્યસ્થ કાર્યાલય, વિદ્યામંદિર મેઈન કેમ્પસ ખાતે કામકાજના દિવસો/કલાકો દરમિયાન સવારે ૧૦.૦૦ થી ૪.૦૦ દરમિયાન જમા કરાવવું.

- ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા હશે તેમની પરીક્ષાની બેઠક વ્યવસ્થાની યાદી તા. ૦૬-૪-૨૦૧૮ને શુક્રવારે સાંજે ૬.૦૦ કલાક સુધીમાં વિદ્યામંદિરની વેબસાઈટ www.vidyamandir.org પર મૂકવામાં આવશે.

- વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ માટે બે પ્રવેશ કસોટી લેવાશે. જેમાં પ્રથમ પ્રવેશ કસોટી બંને પ્રવાહ માટે એક જ રહશે.

- વિદ્યાર્થીઓએ તા.૦૮-૪-૨૦૧૮ રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે તાલેબાગ કેમ્પસની બહારના નોટીસ બોર્ડ પર પોતાનો નંબર જોઈ દર્શાવેલ રૂમમાં પરીક્ષા આપવા બેસવું.

- OMR પદ્ધતીથી પ્રવેશ કસોટી સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન થશે. પ્રવેશ કસોટીના કુલ ગુણ ૧૦૦ છે. તમામ પ્રશ્નો મલ્ટીપલ ચોઈસ મુજબ હશે. (ગણિત- ૩૦ ગુણ, વિજ્ઞાન- ૩૦ ગુણ, અંગ્રેજી - ૩૦ ગુણ, સામાજિક વિજ્ઞાન - ૦૫ ગુણ , ગુજરાતી - ૦૫ ગુણ)

- આ પ્રવેશ કસોટીનું પરિણામ બપોરે ૨.૦૦ કલાકે જાહેર થશે. દ્વિતીય પ્રવેશ કસોટી જે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ માટે જુદી જુદી હશે તે માટેની યાદી પ્રથમ પ્રવેશ કસોટીના પરિણામના આધારે લેવાશે. જે વિદ્યાર્થીનું નામ જે પ્રવેશ કસોટી માટે પસંદ થયું હોય તે જ પ્રવેશ કસોટીમાં વિદ્યાર્થીએ યાદીમાં દર્શાવેલા રૂમમાં ૨.૩૦ સુધીમાં પોતાનું સ્થાન લેવાનું રહેશે.

- દ્વિતીય પ્રવેશ કસોટી ૫૦ ગુણની રહેશે. આ પ્રવેશ કસોટી લેખિત પરીક્ષા પદ્ધતિથી લેવાશે.
  વિજ્ઞાન પ્રવાહ માટે -(ગણિત- ૧૫ ગુણ, વિજ્ઞાન- ૧૫ ગુણ, અંગ્રેજી - ૧૦ ગુણ, સામાજિક વિજ્ઞાન - ૦૫ ગુણ , ગુજરાતી - ૦૫ ગુણ)
  સામાન્ય પ્રવાહ માટે -(ગણિત- ૧૦ ગુણ, વિજ્ઞાન- ૦૫ ગુણ, અંગ્રેજી - ૧૫ ગુણ, સામાજિક વિજ્ઞાન - ૧૦ ગુણ , ગુજરાતી - ૧૦ ગુણ)

- દ્વિતીય પ્રવેશ કસોટીનું પરિણામ તા. ૧૨-૪-૨૦૧૮ને ગુરુવારના રોજ સાંજે ૦૬.૦૦ કલાકે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ફોર્મમાં લખેલા મોબાઈલ પર **sms** થી જણાવવામાં આવશે.

- આ યાદીમાં ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહ **JEE/NEET** ના ફાઉન્ડેશન વર્ગો માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓએ રૂા.૬૦,૦૦૦/-નો ‘વિદ્યામંદિર ટ્રસ્ટ,પાલનપુર’ના એકાઉન્ટ પેયી ચેક સાથે અને ધો.૧૧ સામાન્ય પ્રવાહમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ ફાઉન્ડેશન, **CWA** ફાઉન્ડેશન, **CS** ફાઉન્ડેશન, સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગો માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓએ રૂા.૧૦,૦૦૦/-નો ‘ વિદ્યામંદિર ટ્રસ્ટ,પાલનપુર’ ના એકાઉન્ટ પેયી ચેક સાથે તા.૧૫-૪-૨૦૧૮ને રવિવારે રોજ સવારે ૧૦.૦૦ કલાકે પોતાના વાલી સાથે મધ્યસ્થ કાર્યાલય, વિદ્યામંદિર કેમ્પસ ખાતે કાઉન્સેલીંગ બેઠકમાં હાજર રહેવું.

- કાઉન્સેલીંગ બેઠકને અંતે વિદ્યામંદિર ટ્રસ્ટ જેના ચેક સ્વીકારે એ જ વિદ્યાર્થી પ્રવેશપાત્ર ગણાશે.

- ફાઉન્ડેશન વર્ગો તા. ૧૨-૪-૨૦૧૮ થી ૧૯-૦૫-૨૦૧૮ દરમિયાન ચાલશે. ફાઉન્ડેશન વર્ગો ને અંતે લેવાયેલી અભિયોગ્યતા કસોટીના પરિણામને આધારે લઘુમતી ટ્રસ્ટ વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમમાં ધો.૧૧ - ૧૨ના પ્રવેશ માટે અગ્રીમતા આપવામાં આવશે.

નોંધ :- દરેક વિદ્યાર્થીએ ફોટો આઈ.ડી.પ્રૂફ તરીકે પોતાની એસ.એસ.સી. પરીક્ષાની રીસીપ્ટ સાથે રાખવી જરૂરી છે. જો રીસીપ્ટ ખોવાઈ ગયેલ હોય તો વિદ્યાર્થીનું આધારકાર્ડ માન્ય ગણાશે.ઓનલાઈન ફોર્મ ભરવા માટે મદદની જરૂર હોય તેમણે જરૂરી ડોક્યુમેન્ટ સાથે કેપ્ટન શ્રી એ.ડી. લોહાણી કેમ્પસમાં શ્રી વી.સી.મહેતા આઈ.ટી. સેન્ટરમાં હેલ્પલાઈન સેન્ટર ખાતે સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી રૂબરૂ આવવાથી ફોર્મ ભરી આપવામાં આવશે.